Friday
19.05.2023
*Volume :7 * Issue No.290
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ ઓડિશામાં રૂ. ૮૦૦૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો અને દેશને અર્પણ કર્યા

## "કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરવા સંપૂર્ણપણે ધ્યાન આપી રહી છે કે ઓડિશા કુદરતી આફતોનો સફળતાપૂર્વક સામનો કરી શકે"

- પુરી અને હાવરા વચ્ચે વંદે ભારત એક્સપ્રેસનો શુભારંભ કર્યો
- ઓડિશામાં રેલવેના નેટવર્કનું ૧૦૦ ટકા ઇલેક્ટ્રિફિકેશન દેશને અર્પણ કર્યું
- પુરી અને કટકના રેલવે સ્ટેશનોનાં નવિનીકરણ માટે શિલાન્યાસ કર્યો
- "જ્યાં વંદે ભારત ટ્રેનો દોડે છે, ત્યાં ભારતની વિકાસની ઝડપ અને પ્રગતિ જોઈ શકાશે"





## "વૈશ્વિક પ્રતિકૂળ સ્થિતિસંજોગો વચ્ચે પણ ભારતે પોતાનાં વિકાસની ગતિ જાળવી રાખી છે"
## "ન્યૂ ઇન્ડિયા સ્વદેશી ટેકનોલોજી બનાવે છે તથા તેને દેશના દરેક ખૂણે પહોંચાડે પણ છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ઓડિશામાં રૂ. ૮૦૦૦ કરોડથી વધારે મૂલ્યનાં કેટલાંક રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને દેશને સમર્પિત કર્યા હતા. આ પ્રોજેક્ટમાં પુરી અને હાવરા વચ્ચે વંદે ભારત એક્સપ્રેસનો શુભારંભ, પુરી અને કટક રેલવે સ્ટેશનોના નવિનીકરણ માટે શિલાન્યાસ, ઓડિશામાં રેલવે નેટવર્કના ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન (વીજળીકરણ) દેશને અર્પણ કરવું, સમ્બલપુર-ટિટલગઢ રેલવે લાઈનનું ડબલિંગ, અંગુલ-સુકિન્દા વચ્ચે એક નવી બ્રોડગેજ રેલવે લાઈન, મનોહરપુર-રાઉરકેલા-ઝારસુગુડા-જમ્ગાને જોડતી ત્રીજી લાઇન અને બિચ્છુપાલી-ઝારતર્ભા વચ્ચે એક નવી બ્રોડગેજ લાઇન સામેલ છે. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે એકત્રિત જનસમુદાયને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે, ઓડિશા અને પશ્ચિમ બંગાળના લોકોને આજે વંદે ભારત એક્સપ્રેસની ભેટ ધરવામાં આવી છે. આ ટ્રેન આધુનિક અને મહત્વાકાંક્ષી ભારતનું પ્રતીક છે. તેમણે કહ્યુંહતું કે, "જ્યાંવંદે ભારત ટ્રેન એક શહેરથી બીજા શહેર સુધી દોડે છે, ત્યાં ભારતના વિકાસની ઝડપ અને પ્રગતિ જોઈ શકાશે." તેમણે જણાવ્યું હતુંકે, હવે આ ઝડપ ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં પણ જોઈ શકાશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ ટ્રેન વિકાસના અર્થને સંપૂર્ણ રીતે બદલવાની સાથે મુસાફરોને પ્રવાસનો શ્રેષ્ઠ અનુભવ આપશે. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, તમે દર્શન માટે કોલકતાથી પુરી સુધી પ્રવાસ કરો કે તમારે પુરીથી કોલકાતા જવું હોય – તમારા પ્રવાસનો સમય ઘટીને ફક્ત સાડા છ કલાકનો થઈ જશે, જેથી તમારો સમય બચશે, વ્યવસાયની તકો વધશે અને યુવા પેઢી માટે નવી તકો ઊભી થશે. પ્રધાનમંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે, લાંબા અંતરનો કે દૂર પ્રવાસ કરવા ઈચ્છતાં કોઈ પણ નાગરિક માટે રેલવે પ્રથમ પસંદગી અને પ્રાથમિકતા છે. તેમણે રેલવે સાથે સંબંધિત અન્ય વિકાસલક્ષી પ્રોજેક્ટનો ઉલ્લેખ પણ કર્યો હતો, જેનો શિલાન્યાસ આજે થયો છે, જેમાં પુરીઅને કટક રેલવે સ્ટેશનોનું નવિનીકરણ અને આધુનિકીકરણ તેમજ આ વિસ્તારમાં દેશને અર્પણ થયેલું રેલવે લાઈન્સનું ડબલિંગ અને ઓડિશામાં રેલવે લાઈનોનું ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન સામેલ છે.

'આઝાદી કા અમૃતકાળ'નો સંદર્ભ ટાંકીને પ્રધાનમંત્રીએ દેશની એકતા અને અખંડિતતાને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આ વિશે કહ્યું હતું કે, જો દેશ સંપૂર્ણપણે એકતાંતણે બંધાયેલો રહે, તો દેશની સહિયારી ક્ષમતાઓ હાંસલ કરી શકાય. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે વંદે ભારત એક્સપ્રેસ દેશ માટે વિકાસનું એન્જિન બનીને આ પ્રકારની માન્યતાને પ્રતિબિંબિત કરે છે, ત્યારે આ 'એક ભારત, શ્રેષ્ઠ ભારતના જુસ્સા'ને આગળ વધારે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતીય રેલવે દરેકને એકબીજા સાથે જોડે છે અને એકતાંતણે બાંધે છે. વંદે ભારત એક્સપ્રેસ એ જ વિચાર સાથે અગ્રેસર પણ થશે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ટ્રેન પુરી અને હાવરા વચ્ચે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણને મજબૂત કરશે. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, દેશના વિવિધ રાજ્યોમાં ૧૫ વંદે ભારત ટ્રેનો દોડી રહી છે, જે દેશના અર્થતંત્રને વેગ આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વૈશ્વિક પ્રતિકૂળ સ્થિતિસંજોગો વચ્ચે પણ ભારતે તાજેતરમાં પોતાના વિકાસની ઝડપ કે ગતિ જાળવી રાખી છે. શ્રી મોદીએ આ સફરનો શ્રેય દરેક રાજ્યની ભાગીદારીને આપ્યો હતો અને કહ્યું હતું કે, દેશ દરેક રાજ્યને સાથે રાખીને અગ્રેસર થઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અગાઉના સમયગાળાથી વિપરીત ન્યૂ ઈન્ડિયા સ્વદેશી રીતે ટેકનોલોજી બનાવે છે અને તેને દેશના દરેક ખૂણા સુધી પહોંચાડે પણ છે. વંદે ભારત ટ્રેનોના સ્વદેશી સ્વરૂપનો સંદર્ભ ટાંકીને પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ભારતે ૫જી જેવી ટેકનોલોજી વિકસાવી છે અને મહામારી દરમિયાન વિવિધ રસીઓનું સ્વદેશી ધોરણે ઉત્પાદન કર્યું છે. તેમણે ભાર મૂક્યો હતો કે, આ તમામ ઈનોવેશન કે નવીનતા એક રાજ્ય કે શહેર પૂરતી મર્યાદિત રહી નથી, પણ સમગ્ર દેશમાં સમાન રીતે વિકસી હતી. તેમણે જણાવ્યું હતું કે, એ જ રીતે વંદે ભારત દેશનાં દરેક ખૂણાને સ્પર્શે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, 'સબ કા સાથ, સબ કા વિકાસ'ની આ નીતિ વિકાસમાં પાછળ રહી ગયેલા રાજ્યો માટે લાભદાયક છે. તેમણે જણાવ્યું હતું કે, ઓડિશામાં રેલવેની વિવિધ યોજનાઓ માટે બજેટમાં મહત્વપૂર્ણ વધારો કરવામાં આવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ અગાઉ ૧૦ વર્ષમાં રાજ્યમાં વર્ષે ૨૦ કિલોમીટરની રેલવે લાઈન જ પાથરવામાં આવતી હતી, જેની સરખામણીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં એક જ વર્ષમાં ૧૨૦ કિલોમીટરની લંબાઈ ધરાવતી લાઈનો પાથરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, ખુર્દા બોલાંગીર લાઈન અને હરિદાસપુર-પારાદીપ લાઈન જેવા લાંબા સમયથી અટકી ગયેલા પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થયા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ઓડિશા દેશમાં એવા રાજ્યો પૈકીનું એક રાજ્ય છે, જ્યાં રેલવે લાઈનોનું ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન હાંસલ થયું છે." તેમણે જાણકારી આપી હતી કે, પશ્ચિમ બંગાળમાં પણ આ કામગીરી હાંસલ કરવા ઝડપથી કાર્ય આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, રેલવે લાઈનોના ઈલેક્ટ્રિફિકેશનને પરિણામે ટ્રેનોની સંપૂર્ણ ઝડપમાં વધારો થયો છે અને માલવાહક ટ્રેનો માટે સમયની બચત થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, ખનિજથી સમૃદ્ધ ઓડિશા રાજ્યને રેલવે લાઈનોના ઈલેક્ટ્રિફિકેશનથી મોટો ફાયદો થશે, જ્યાં ડિઝલ એન્જિનોથી થતું પ્રદૂષણ નોંધપાત્ર રીતે ઘટશે અને રાજ્યનાં ઔદ્યોગિક વિકાસમાં મદદ મળશે. પ્રધાનમંત્રીએ માળખાગત સુવિધાના અન્ય એક પાસાં વિશે પણ વાત કરી હતી, જેની બહુ ચર્ચા થતી નથી. તેમણે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધા લોકોના જીવનને સરળ બનાવવાની સાથે સમાજનું સશક્તિકરણ પણ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારે માળખાગત સુવિધાનો અભાવ હોય છે, ત્યારે લોકો વિકાસની દોટમાં પાછળ રહી જાય છે. જ્યારે માળખાગત સુવિધાનો વિકાસ થાય છે, ત્યારે તેની સાથે સાથે લોકોનો વિકાસ પણ ઝડપથી થાય છે." પ્રધાનમંત્રીએ સરકારની વિવિધ વિકાસલક્ષી પહેલો વિશે વાત કરીને પીએમ સૌભાગ્ય યોજનાનું ઉદાહરણ આપ્યું હતું, જે અંતર્ગત સરકારે ૨.૫ કરોડથી વધારે કુટુંબોને વીજળીનું નિઃશુલ્ક જોડાણ પ્રદાન કર્યું છે, જેમાં ૨૫ લાખ કુટુંબો ઓડિશામાં અને ૭.૨૫ લાખ કુટુંબો પશ્ચિમ બંગાળમાં છે. પ્રધાનમંત્રીએ દેશમાં એરપોર્ટની સંખ્યા ૭૫થી વધીને અત્યારે ૧૫૦ થઈ છે એવી જાણકારી આપીને સોશિયલ મીડિયા પર વિવિધ ફોટોગ્રાફ અને વીડિયો પર ધ્યાન દોર્યું હતું, જેમાં દેશના સામાન્ય નાગરિકો તેમના હવાઈ પ્રવાસના અનુભવોને વહેંચતા જોઈ શકાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, અત્યારે માળખાગત સુવિધાના ક્ષેત્રમાં ભારતની ઉપલબ્ધિઓ અભ્યાસનો વિષય બની ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે દેશમાં માળખાગત સુવિધાના વિકાસ માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે, ત્યારે એનાથી લાખોની સંખ્યામાં રોજગારીનું સર્જન થશે તથા રેલવે અને રાજમાર્ગોનું જોડાણ પ્રવાસને સરળ બનાવશે અને ખેડૂતોને નવા બજાર સાથે જોડશે તેમજ પ્રવાસીઓને નવા પ્રવાસન કેન્દ્રો સાથે જોડશે અને વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજો સાથે જોડશે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, દેશ 'જન સેવા હી પ્રભુસેવા'ના જુસ્સા સાથે અગ્રેસર થઈ રહ્યો છે. તેમણે જગન્નાથ જેવા મંદિરો અને પુરી જેવા યાત્રાધામોનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં સદીઓથી પ્રસાદ વહેંચાય છે અને હજારો ગરીબો તેમનું પેટ ભરે છે. તેમણે કહ્યું હતું કે, પીએમ ગરીબ કલ્યાણ યોજના જેવી પહેલો આ જ ભાવના સાથે ૮૦ કરોડ લોકોને મફત અનાજ પૂરું પાડે છે તથા આયુષ્માન કાર્ડ, ઉજ્જ્વલા, જલ જીવન અભિયાન અને પીએમ આવાસ યોજના જેવી યોજનાઓ લોકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું હતું કે, "ગરીબો જે મૂળભૂત સુવિધાઓની વર્ષોથી રાહ જોતાં હતાં એ સુવિધાઓ અત્યારે તેમને મળી છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતના ઝડપી વિકાસ માટે રાજ્યોનો સંતુલિત વિકાસ એટલો જ જરૂરી છે." તેમણે દેશના એવા પ્રયાસો વિશે વાત કરી હતી કે, જે અંતર્ગત સંસાધનોના અભાવે વિકાસની દોટમાં કોઈ પણ રાજ્ય પાછળ ન રહેવું જોઈએ એવું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, એ જ કારણે ૧૫મા નાણાં પંચે ઓડિશા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો માટે વધારે બજેટની ફાળવણી કરવાની ભલામણ કરી હતી. પ્રધાનમંત્રીએ ઓડિશાને પ્રચૂર કુદરતી સંસાધનો ધરાવતું, પણ ખામીયુક્ત નીતિઓને કારણે પોતાના જ સંસાધનોથી વંચિત રહી ગયેલું રાજ્ય ગણાવીને કહ્યું હતું કે, ખનીજ સંપત્તિને ધ્યાનમાં રાખીને સરકારે ખાણખનીજ નીતિમાં સુધારો કર્યો છે, જે ખનીજ સંપત્તિ ધરાવતા દેશનાં તમામ રાજ્યોની આવકમાં નોંધપાત્ર વધારા તરફ દોરી ગઈ છે.

તેમણે એવો ઉલ્લેખ પણ કર્યો હતો કે, દેશમાં જીએસટીનો અમલ થયા પછી કરવેરામાંથી આવકમાં પણ વધારો થયો છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, સંસાધનોનો ઉપયોગ રાજ્યના વિકાસ માટે અને ગામડાંઓમાં ગરીબોની સેવા માટે થઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "કેન્દ્ર એ સુનિશ્ચિત કરવા સંપૂર્ણપણે ધ્યાન આપી રહી છે કે, ઓડિશા કુદરતી આફતોનો સફળતાપૂર્વક સામનો કરી શકે." તેમણે જાણકારી આપી હતી કે, સરકારે આફતમાં શ્રેષ્ઠ કામગીરી કરવા અને NDRF (રાષ્ટ્રીય આપદા રાહત ભંડોળ) માટે રાજ્યને ૮ હજાર કરોડ રૂપિયાથી વધારે પ્રદાન કર્યા છે. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનના સમાપનમાં વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સમગ્ર દેશમાં વિકાસની ગતિને વેગ મળશે અને આપણે એક રાષ્ટ્ર તરીકે નવા અને વિકસિત ભારતનો લક્ષ્યાંક પાર પાડીશું. આ પ્રસંગે ઓડિશાના રાજ્યપાલ શ્રી ગણેશી લાલ, ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયક, કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ તથા કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોરબીના ઉદ્યોગોની આર્થિક સલામતી માટે SIT ની જાહેરાત કરતાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

## મોરબી ઔદ્યોગિક એસોસિએશનના અગ્રણીઓ સાથે સંવાદ યોજતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી







કમલમ્ ન્યુઝ,મોરબી

ગુજરાતના ઉદ્યોગોને વિકાસમાં કોઈ વિક્ષેપ ન આવે તે તરફ સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. ત્યારે હાલ મોરબી આવેલા ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ મોરબીના ઉદ્યોગોની આર્થિક સલામતી અને સુરક્ષા માટે SIT ની રચના કરી અને તેનો આજથી જ અમલ પણ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ તકે ઉપસ્થિત મોરબીના ઉદ્યોગ જગતના અગ્રણીઓએ આ નિર્ણયને વધાવ્યો હતો. મોરબી ખાતે ઉદ્યોગપતિઓ સાથે સંવાદ દરમિયાન ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મોરબીને બધું આપવા તૈયાર છે. મોરબીના સિરામીક ઉદ્યોગ સહિત અન્ય ઉદ્યોગ થકી દુનિયાનું નંબર વન સેન્ટર બનાવવું છે અને સરકાર તે તરફ તમામ પ્રયાસો કરી રહી છે. આજે મોરબી દેશના અનેક રાજ્યોના લાખો યુવાનોના રોજગારીના સપના પુરા કરી રહ્યું છે. ત્યારે મોરબી જિલ્લાના તમામ ઉદ્યોગની સુરક્ષા માટે સરકાર પણ હંમેશા કટિબદ્ધ છે. મોરબીના ઉદ્યોગોનો વ્યાપારની સલામતિ માટે કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી તમામ ઉદ્યોગોની માંગ હતી જે રાજ્ય સરકારે પુરી કરી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મોરબીના ઉદ્યોગો સાથે કોઈ માઈનો લાલ છેતરપીંડી ન કરી શકે તે માટે SIT ની રચના કરી તેનો આજથી જ અમલ કરવામાં આવે છે. SIT ની વાત કરતા ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, SIT ની રચના કરીને ઉદ્યોગો માટે અલાયદી કાયદાકીય વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ઉદ્યોગપતિઓ સાથે છેતરપીંડી કરનારાઓની ઉંઘ હરામ થઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મોરબીમાંથી માલ મેળવીને પછી પેમેન્ટ માટે જવાબ નહીં દેનાર કે ફોન નહીં ઉપાડનાર વેપારીઓને SIT મોરબીના ધક્કા ખવડાવશે. વેપારી વિશ્વાસથી માલ આપે ત્યારે સામે વિશ્વાસઘાત કરનારા પર ક્રિમિનલ ફોજદારી થઈ શકે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આપણે SIT થી એવી છાપ ઉભી કરીશું કે, ગુજરાત પોલીસનું નામ પડશે અને તે પાર્ટીને વેપારી સાથે સેટલમેન્ટ કરવા આવવું પડશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, મોરબીના સિરામિક ઉદ્યોગ અને અન્ય ઉદ્યોગોએ રાજ્યને હંમેશા તમામ પ્રકારનો સહયોગ આપ્યો છે ત્યારે તેમની પણ બધી માગણીઓ સરકારે પૂરી કરી છે. મોરબીવાસીઓએ પ્રધાનમંત્રીશ્રીનો આભાર માનવો પડે કે એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડીને અહીંના ઉદ્યોગપતિઓને નવલું નજરાણું આપ્યું છે, જેથી અહીંના ઉદ્યોગો વિશ્વના તમામ સિરામીક ઉદ્યોગોને ટક્કર મારી શકે છે. વિશ્વના અન્ય સિરામીક ઉદ્યોગને મોરબીનો સહારો લેવો પડે છે જે મોરબીની કંપનીઓ માટે ભવ્ય જીત છે. સિરામીક ઈન્ડસ્ટ્રીના નગર એવા મોરબીમાં મોડેલ જીઆઈડીસી પર ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે. આ સંવાદ દરમિયાન રેન્જ આઈજીશ્રી અશોકકુમાર યાદવે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સ્વાગત પ્રવચન ઔદ્યોગિક અગ્રણીશ્રી મુકેશભાઈ કુંડારિયાએ અને આભારવિધિ હરેશભાઈ બોપલીયાએ કરી હતી. આ સંવાદ દરમિયાન સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, પૂર્વ મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, મોરબીના ધારાસભ્યશ્રી કાંતિભાઈ અમૃતિયા, ટંકારા-પડધરીધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, વાંકાનેર-કુવાડવા ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ સોમાણી, હળવદ-ધાંગધ્ર ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, કિરીટભાઈ પટેલ, વિનોદભાઈ ભાડજા સહિતના ઔદ્યોગિક અગ્રણીશ્રીઓ તેમજ પદાધિકારી/અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપરાષ્ટ્રપતિ ૨૦મી મેના રોજ ચંદીગઢની મુલાકાત લેશે

કમલમ્ ન્યુઝ,

ભારતના ઉપરાષ્ટ્રપતિ, શ્રી જગદીપ ધનખર ૨૦ મે, ૨૦૨૩ના રોજ ચંદીગઢની મુલાકાત લેશે જ્યાં તેઓ પંજાબ યુનિવર્સિટીના ૭૦મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહશે. તેમની મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ, જેઓ પંજાબ યુનિવર્સિટીના ચાન્સેલર પણ છે, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો અને સેનેટ સભ્યો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજશે. ઉપરાષ્ટ્રપતિ પંજાબ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશન, નોન-ટીચર્સ એસોસિયેશન અને સ્ટુડન્ટ્સ યુનિયનના સભ્યો સાથે પણ વાતચીત કરશે. ઉપરાષ્ટ્રપતિ સિટી બ્યુટીફુલના તેમના એક દિવસના પ્રવાસ દરમિયાન પંજાબ રાજભવનની પણ મુલાકાત લેશે.



# મોરબીના નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનનું ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું

**સરકાર દ્વારા છેલ્લા ૧૦૦ દિવસમાં ગામડાઓને જોડતી નવી ૩૫૦ બસ સેવાની ગુજરાતને ભેટ આપવામાં આવી- ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી**






**૫૪૩ લાખથી વધુના ખર્ચે આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચરની સુવિધા સાથે આધુનિક નવીન એસ.ટી. સ્ટેશનનું નિર્માણ કરાયું**

## ૫૬૭ લાખથી વધુના ખર્ચે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના નવનિર્મિત બી-૩૨ (પી-૪) પોલીસ આવાસોનું ઈ-લોકાર્પણ કરાયું

કમલમ્ ન્યુઝ,મોરબી

રાજ્ય સરકાર દ્વારા વિધ-વિધ વિકાસકાર્યોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ત્યારે મોરબી ખાતે નવનિર્મિત અત્યાધુનીક બસ સ્ટેશનનું ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે મંત્રીશ્રીએ વાંકાનેર ખાતે નિર્મિત નવીન પોલીસ આવાસનું પણ ઈ-લોકાર્પણ કર્યુ હતું. વિશ્વના ખુણે ખુણે સિરામીક ઉદ્યોગો થકી પ્રસિદ્ધ થયેલા મોરબી ખાતે ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ નવા બસસ્ટેશનનો શુભારંભ કરતા જણાવ્યું હતું કે, મોરબીને તમામ સુવિધા આપવીએ સરકારની ફરજ છે, ત્યારે સાડા પાંચ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક બસ સ્ટેશનનું નવલું નજરાણું સરકાર દ્વારા મોરબીને અર્પણ કરવામાં આવ્યું છે. મોરબી અને રાજકોટનું દિલ એક છે, માટે આ બન્નેને જોડતી બસની કનેક્ટિવીટી વધારવાનું કામ સરકારનું છે. આજે મોરબીથી રાજકોટની ૭૦ ઈન્ટરસિટી બસના રૂટ અને પ્રદુષણ મુક્ત ૨૦થી વધુ ઈલેક્ટ્રીક બસોના રૂટ ઉપલબ્ધ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ બસ સ્ટેશન જેવી અત્યાધુનિક સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી સરકારની છે, પરંતુ તે સુવિધાને સ્વચ્છ અને સલામત જાળવી રાખવાની જવાબદારી પ્રજાની છે. જેથી તેમણે તમામ નાગરિકોને આ બસ સ્ટેશનના નવલાનજરાણાને સ્વચ્છ અને સુંદર રાખવામાં યથાયોગ્ય ફાળો આપવા માટે નમ્ર અપીલ કરી હતી. ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦૦ દિવસમાં સરકાર દ્વારા ગામડાઓને જોડતી નવી ૩૫૦ બસ સેવા આપવામાં આવી છે. ઉપરાંત આગામી સમયમાં ૩૨૧ નવી બસ ફાળવવામાં આવનાર છે. બસ કન્સેશન પાસની વાત કરતા તેમણે ઉમેર્યુ કે, મોરબી જિલ્લામાં ૫૪૩૨ વિદ્યાર્થીનીઓની ફ્રી પાસ સુવિધા સાથે અને ૬૨૪૩ વિદ્યાર્થીઓ ૮૨.૫% રાહત પાસની સુવિધા અને ૧૧૭૦ જેટલા ૫૦% રાહતના મુસાફરી પાસ યોજનાના લાભ સાથે મુસાફરી કરી રહ્યા છે. મોરબીથી વિવિધ બસોમાં નિયમિત સરેરાશ ૩૩૦૦૦ મુસાફરો મુસાફરી કરે છે સરકારનો આ આંકડાને ૫૦૦૦૦ સુધી લઈ જવાનો નિર્ધાર છે. જે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. કાર્યક્રમમાં આગળ વ્યાજખોરોને નિશાનો બનાવી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વ્યાજનું દુષણ નાનું મોટું દુષણ નથી, તે દુષણનું બીજ છે જે અનેક ગુનાઓને જન્મ આપે છે અને આવા વ્યાજખોરોને મોરબી પોલીસે પકડી પાડીને અનેક લોકોને તેમના ઘર પાછા અપાવ્યા છે.પ્રાસંગિકમાં ધારાસભ્યશ્રી કાંતીભાઈ અમૃતિયા એ જણાવ્યું હતું કે, સરકાર મોરબીના બધા જ પ્રશ્નો સાંભળે છે અને તમામ માંગણીઓ પુરી કરે છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મોરબી ખાતે રૂ. ૫૪૩ લાખથી વધુના ખર્ચે આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર સુવિધા સાથે ૨૧૦૦૪.૫૩ ચો.મી. વિસ્તારમાં નવીન એસ.ટી. સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બસ સ્ટેશનમાં મુસાફર જનતાની સુવિધા માટે બેઠક વ્યવસ્થા સાથેનો વેટિંગ હોલ, ઉપહાર ગૃહ, વિવિધ પ્રકારના સ્ટોલ, વોટર રૂમ, બેબી ફિડીંગ રૂમ, દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ પ્રકારના શૌચાલય તથા સ્લોપિંગ રેમ્પની સુવિધા ઉભી કરવામાં આવી છે. ઉપરાંત ૫૬૭ લાખના ખર્ચે મોરબી જિલ્લાના વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે બી - ૩૨ (પી - ૪) નવનિર્મિત પોલીસ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન વિભાગીય નિયામકશ્રી જે.ડી. કરોતરાએ તથા આભારવિધિ માર્ગ વાહન વ્યવહાર નિગમના મધ્યસ્થ કચેરીના ઈ.ડી.પી. મેનેજરશ્રી જે.એચ. સોલંકીએ કરી હતી. નવા બસ સ્ટેશનના લોકાર્પણ સમારોહમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, મોરબી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ચંદુભાઈ શિહોરા, મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારા-પડધરી ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, વાંકાનેર-કુવાડવા ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ સોમાણી, હળવદ-ધાંગધ્રા ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા, કાલાવાડ ધારાસભ્યશ્રી મેઘજીભાઈ ચાવડા મોરબી જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યા, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જાડેજા, ગુજરાત રાજ્ય તેમજ મોરબી જિલ્લાના નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત એસ.ટી. વિભાગના વિવિધ અધિકારી/કર્મચારીશ્રીઓ કાર્યપાલક ઈજનેરશ્રી સોલંકી, ડીટીઓશ્રી વી.બી. ડાંગર, ડી.એમ.ઈ.શ્રી એન.બી.રાવલ ડી.એમ.ઓફિસરશ્રી ડી.યુ. વાઘેલા, ડી.એમ.શ્રી વોલ્વો એન.વી. ઠુમર, ડી.એમ.શ્રી એ..એન. પઢારિયા, નાયબ ઈજનેરીશ્રી એ.ડી. મહેતા, ડી.એમ.શ્રી-ગોંડલ કે.એમ. જાડેજા, સુરક્ષા અધિકારીશ્રી એસ.બી. લખતરીયા સહિતના ઉપસ્થિત રહી વ્યવસ્થા સંભાળી હતી.

# G20માં ભારતની યાત્રા પર દીવમાં પ્રદર્શનનું આયોજન

કમલમ્ ન્યુઝ,

G20 સચિવાલય એજ્યુકેશન હબ કેમ્પસ, દીવ ખાતે G20 RIIG WG મીટિંગની સાથે G20માં ભારતની યાત્રા પર એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮મી મે ૨૦૨૩ના રોજ શ્રી પ્રફુલ્લ પટેલ, દમણ અને દીવ અને દાદરાનગર અને હવેલીના પ્રશાસક અને ૮૨૦ શેરપા શ્રી અમિતાભ કાંતે તેનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રદર્શન RIIG મીટિંગના પ્રથમ દિવસથી શરૂ કરીને એક સપ્તાહ માટે યોજવામાં આવી રહ્યું છે, એટલે કે. ૧૮ મે ૨૦૨૩, અને ૧૯ મે ૨૦૨૩ ના રોજ RIIG મીટિંગના સમાપન બાદ આ પ્રદર્શન સામાન્ય લોકોના જોવા માટે ખુલ્લું રાખવામાં આવશે. આ પ્રદર્શન ભારતની ઐતિહાસિક G20 પ્રેસિડેન્સી વિશે જાગરૂકતા પેદા કરવા માટે એક માહિતીપ્રદ અને આકર્ષક પ્લેટફોર્મ અને ખાસ



કરીને વિદ્યાર્થીઓ અને યુવા વયસ્કોમાં-જનભાગીદારીની ભાવનાને આગળ ધપાવવા કામ કરશે. એજ્યુકેશન હબ ખાતે આવેલી સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ દીવની સ્થાનિક શાળાઓ પણ આગામી સપ્તાહમાં પ્રદર્શનની મુલાકાત લેશે. શાળાના બાળકો માટે ખાસ બનાવેલ બ્રોશર, G20 નો પરિચય, પણ સ્થળ પર વિતરિત કરવામાં આવશે. G20 ફ્રેમવર્ક સાથે લોકોના જોડાણને પ્રોત્સાહિત કરવા માટે સ્થળ પર સેલ્ફી બૂથ પણ બનાવવામાં આવ્યું છે.

# કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે અમદાવાદ હાટ ખાતે કેસર કેરી મહોત્સવ ૨૦૨૩ ખુલ્લો મુકાયો

**વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી - ખેતીનું આધુનિકીકરણ - ખેત પેદાશો માટે બજારની ઉપલબ્ધતા - એક્સપોર્ટ સુધીનાં તમામ કાર્યોમાં સરકાર હરહંમેશ ખેડૂતોની સાથે રહી છે : કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ**



**ખેતી વિષયક માર્ગદર્શન, વીજળી- સિંચાઈની સુવિધા જેવી તમામ બાબતોની દરકાર કરી સરકાર ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે કટિબદ્ધ : શ્રી રાઘવજી પટેલ**

કમલમ્ ન્યુઝ,

અમદાવાદના હાર્દ સમા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા અમદાવાદ હાટ ખાતે આજે રાજયના કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે કેસર કેરી મહોત્સવ ૨૦૨૩ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. અહીં ઉપસ્થિત ખેડૂતો, ખેડૂત સંગઠનના હોદ્દેદારો, અને ઉપસ્થિત શહેરીજનોને સંબોધિત કરતા કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતુ કે, ખેડૂતોની આવક બમણી કરવી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે. તેમના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતોની આવક વધારવા માટે અનેક પ્રયાસો કરી રહી છે. બજેટ હોય કે ખેતી વિષયક માર્ગદર્શન, વીજળી હોય કે સિંચાઈની સુવિધા આ તમામ બાબતોની દરકાર કરી સરકાર ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે કટિબદ્ધ છે. સ્વાનુભવ વર્ણવતા કૃષિમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, જયારે જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત થાય છે. ત્યારે તેમની આંખો અને વાતોમાં ભારતના ખેડૂતની ચિંતા, ખેડૂતો પ્રત્યેની સંવેદના જોવા મળે છે. સાથોસાથ તેમણે કહ્યું કે વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવામાં, ખેતીના આધુનિકીકરણ અને યાંત્રિકીકરણ કરવામાં તેમજ ખેત પેદાશોનું બજાર વધારી એક્સપોર્ટ કરવા સુધીનાં તમામ કાર્યોમાં સરકાર હરહંમેશ ખેડુતોની સાથે ઊભી છે. વડાપ્રધાનશ્રીએ આપેલા :આત્મા ગામડાનો, સુવિધા શહેરની' સૂત્રનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે શહેરની સુવિધા ગામડાંઓમાં ઉપલબ્ધ કરાવવાનું ભગીરથ કાર્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ચાલી રહ્યું છે. જેમાં અત્યાધુનિક આરોગ્ય કેન્દ્રો થકી આરોગ્ય સુવિધાઓ, શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ રોજગારી વધારવાની દિશામાં અસરકારક કામગીરી થઈ છે, એવું તેમણે ઉમેર્યુ હતું. સરકાર દ્વારા ખેડૂત કલ્યાણના પ્રયાસોનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સિંચાઈ માટે સૌની યોજના, વગર વ્યાજે પાક ધિરાણ, ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપવાની સાથે બજારમાં ભાવ ન મળે ત્યારે ટેકાના ભાવે પારદર્શકતાપૂર્વક ખરીદી કરીને સરકાર ખેડૂતો સદ્ધર બને તે માટે પ્રયાસરત છે. સાથોસાથ કુદરતી આપત્તિના સમયમાં રાહત પેકેજ જાહેર કરીને સરકાર ખેડૂતોની હમદર્દ બનવાનો પ્રયાસ કરે છે, એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી રાઘવજી પટેલે કેસર કેરી મહોત્સવ વિશે વાત કરતા જણાવ્યું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં ૨૦૧૦માં કેસર કેરી મહોત્સવ શરૂ થયા હતા. શહેરીજનોના અભૂતપૂર્વ પ્રતિસાદને કારણ હવે પ્રતિવર્ષ તેનું આયોજન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, આવા આયોજનોથી ખેડૂતોને સીધો ફાયદો મળે છે અને ગ્રાહકોને કેમિકલમુક્ત તથા ગુણવત્તાયુક્ત આરોગ્યપ્રદ કેરી મળે છે. કેસર કેરીની આગવી ઓળખ વિશે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, શાલે મહોમ્મદની ખાખડીના નામથી પ્રચલિત કેરીની આ વિશિષ્ટ જાતને જૂનાગઢના નવાબે તેના સ્વાદ અને સોડમના આધારે કેસર નામ આપ્યું હતું. આજે કેસર કેરી માત્ર જૂનાગઢ કે ગુજરાત જ નહીં પણ ભારતની ઓળખ બનીને વિશ્વભરમાં પહોંચી રહી છે. ત્યારે કેસર કેરીનું ઉત્પાદન વધે તેમજ ઉત્પાદન કરતા ખેડૂતોને સારા ભાવો મળે તે ચિંતિત બાગાયત ખાતાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. સમગ્ર આયોજન બદલ તેમણે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન અને તમામ સહયોગી એકમોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીશ્રીએ શહેરીજનોને મોટી સંખ્યામાં કેસર કેરી મહોત્સવની મુલાકાત લઈને ખરીદી કરી ખેડૂતોને લાભ કરાવવા અપીલ પણ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ગુજરાત એગ્રોના મેનેજિંગ ડાયરેકટર શ્રી દિપેશ શાહે સ્વાગત સંબોધન કર્યુ હતું. આજના પ્રસંગે ઉપસ્થિત શહેરના ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલે કેરી તથા મિલેટ આધારિત પેદાશો ખરીદવા માટે પ્રોત્સાહિત કરવા તમામ કોર્પોરેટર્સ સાથે કેસર કેરી મહોત્સવની મુલાકાત લેશે, તેવી જાહેરાત કરી હતી. આજના ઉદઘાટન સમારોહમાં વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન શ્રી હિતેષ બારોટ, કાઉન્સિલર શ્રી દીપ્તીબેન અમરકોટિયા અને શ્રી દિલીપભાઈ તેમજ કૃષિ વિભાગના ઈન્ચાર્જ અધિક સચિવ શ્રી કે. એમ. ભીમજીયાણી, ખેતી નિયામક શ્રી એસ. જે. સોલંકી, બાગાયત નિયામક શ્રી પી. એમ. વઘાસિયા, સહયોગી એકમોના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૦થી શરૂ થયેલી કેસર કેરી મહોત્સવના આયોજનની પરંપરા આ વર્ષે પણ અકબંધ રહી છે.

જૂનાગઢ અને આસપાસનાં ગામડાંઓમાંથી ૮૦ જેટલા સ્ટોલ પરથી ખેડૂતો, ખેડૂત સંગઠનો એક મહિના સુધી કાર્બાઈડમુકત અને ગુણવત્તાયુક્ત કેસર કેરીનું વેચાણ કરશે. આગામી ૧૭ જૂન ૨૦૨૩ સુધી એક મહિનો સવારે ૯ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી કેસર કેરી મહોત્સવ ખુલ્લો રહેશે. જ્યાંથી શહેરીજનો કેસર કેરીની ખરીદી કરી શકશે.

# કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ રાયગઢ ખાતે કિસાન ક્રેડિટ કાર્ડ અને ઈ-શ્રમ કાર્ડનું વિતરણ કર્યું

**કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાએ સાગર પરિક્રમાના પાંચમા તબક્કાનું નેતૃત્વ કર્યું**




કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલનઅને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાએ આજે ઐતિહાસિક ગેટવે ઓફ ઈન્ડિયાથી સાગર પરિક્રમા કાર્યક્રમના પાંચમા તબક્કાનું નેતૃત્વ કર્યુ હતું. કેન્દ્રીય મંત્રી રૂપાલાએ ગઈકાલે સાંજે મહારાષ્ટ્રના રાયગઢ ખાતે કારંજા જેટી ખાતે હિતધારકોને સંબોધન કર્યુ હતું. મંત્રી તેમના અધિકારીઓ સાથે આજે અને આવતીકાલે મહારાષ્ટ્ર અને ગોવામાં છ સ્થળોએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. કરંજા જેટી કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ અને ઈ-શ્રમ કાર્ડનું વિતરણ કર્યુ હતું. તેમના આગમન પર સ્થાનિક સમુદાય દ્વારા તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં બોલતા કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ કહ્યું કે, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના દર્શાવે છે કે વર્તમાન સરકાર માછીમાર સમુદાયના કલ્યાણમાં કેટલો ઊંડો રસ ધરાવે છે. તેમણે એ પણ ધ્યાન દોર્યું કે કેવી રીતે કાર્યક્રમ માટેના બજેટમાં ૨૦,૦૦૦ કરોડનો નોંધપાત્ર વધારો થયો છે. તેમણે એમ પણ જણાવ્યું કે સમયાંતરે વધારાની જોગવાઈઓ કરવામાં આવી છે. મંત્રીઆજેપછીથીરત્નાગીરીજિલ્લાના દાભોલ ખાતેની આરજીપીપીએલ જેટીપર જશે. ભારતમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે અને લાખો માછીમાર લોકોને આજીવિકા પૂરી પાડે છે. ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું માછલીનું ઉત્પાદન કરતું અને બીજું સૌથી મોટું જળચર ઉત્પાદક રાષ્ટ્ર છે. ભારતમાં વાદળી ક્રાંતિએ માછીમારોનું મહત્વ દર્શાવ્યું છે.ગ્રામીણ વિસ્તારોમાં લોકોના જીવનની ગુણવત્તા અને આર્થિક સુખાકારીમાં સુધારો કરવા અને આજીવિકાની વધુ તકો ઊભી કરવા માટે, ભારત સરકાર દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને પહોંચી વળવા માટે સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવ્યો છે.

# તમાકુના સેવનથી થતા જોખમો વિશે સંદેશ ફેલાવતી સાયકલોથોનની વડોદરામાં સમાપ્તી

**સાઇકલ સવારો અને સ્વયંસેવકોએ છ જિલ્લાઓમાં " નો ટોબેકો " અંગેનો સંદેશ ફેલાવ્યો**

કમલમ્ ન્યુઝ,વડોદરા,

આજના સમયમાં લોકોમાં વધી રહેલા તમાકુથી થતા નુકસાન અને જીવન પર તેની ખરાબ અસરોનો સંદેશો ફેલાવતી સાયકલ ટુરનું બુધવારે વડોદરામાં સમાપન થયું હતું. ફેઈથ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સાયક્લોથોનને મહેસાણાથી આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ દ્વારા ફ્લેગ ઓફ કરાવામાં આવી હતી. લોકોમાં જાગૃતિ લાવવા અને ખાસ કરીને યુવાનોને તંદુરસ્ત જીવન માટે તમાકુથી દૂર રહેવા માટે પ્રેરિત કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ સાયકલ રેલી નીકળી હતી. તમાકુ સામેની મહિનાની લાંબી ઝુંબેશના ભાગરૂપે અને 'વર્લ્ડ નો ટોબેકો ડે' ૨૦૨૩ નિમિત્તે, ૧૫ સાયકલ સવારો અને ૪૦ સ્વયંસેવકોની ટીમે સફળતાપૂર્વક સૂર્ય અને ગરમીને એક કારણ માટે મોકળો કર્યો - " તમાકુને કહો ના " ની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની થીમને પ્રમોટ કરવાના પરોપકારી કારણ સાથે - વી નીડ ફૂડ, નોટ ટોબેકો, ટીમે મહેસાણા જિલ્લાથી શરૂ કરીને વડોદરા સુધી લગભગ ૨૨૦ કિલોમીટરનું અંતર કવર કર્યુ છે. ફેઈથ ફાઉન્ડેશનના સુજન સેમસન પ્રોજેક્ટ ડિરેક્ટરે જણાવ્યું હતું કે, "રાજ્ય ટોબેકો કંટ્રોલ સેલ - ગર્વનમેન્ટ ઓફ ગુજરાત, સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ગાંધીનગર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા આરોગ્ય પંચાયત અમદાવાદ, નડિયાદ અને આણંદના સહયોગથી સાયક્લોથોન ગામડાઓ અને શહેરોમાં સંદેશ ફેલાવે છે. સ્વયંસેવકોએ સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો પર સ્કિટ રજૂ કર્યા હતા. માર્ગમાં લગભગ ૧૦ સ્થાનો પર તમાકુ ઉત્પાદન અધિનિયમ કાયદો (COTPA 2003), જેમાં સ્મોક ફ્રી વિલેજ, ટોબેકો ફ્રી એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન, સ્મોક ફ્રી પબ્લિક પ્લેસ અને અન્ય અંગેની માર્ગદર્શિકાનો પણ સમાવેશ થાય છે. " કડી ગામથી શરૂ થયેલી આ સાયકલ રેલી કલોલ અને રૂપાલ-ગાંધીનગર સેક્ટર ૨૨ થઈને અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ, જેતલપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અમદાવાદ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અરેરા ગામ નડિયાદ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મોગર ગામ આણંદ સુધી આગળ વધી હતી. ત્યારબાદ સાયકલ સવાર વડોદરાના છાણી પહોંચ્યા હતા, જ્યાં તેમનું સન્માન કરવામાં આવ્યું અને તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ ના કાયદાને આવરીને એ વિષય પર શેરી નાટક પણ રજુ કરવામાં આવ્યું હતું.



**માનવતાના સંદેશ સાથે મહેસાણાથી વડોદરા સુધીમાં કુલ ૨૨૦ કીમીનું અંતર કાપ્યું**

